વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જુન, ૨૦૨૪ Vol. 18 No. 6

# પૂરી થયેલી ચૂંટણીના સૂચિતાર્થો




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

## જાદવ પૂછે છે :

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરિયા પૂછે છે :

કોઈ માણસ રેશનાલિસ્ટ હોય, અને રાજકારણમાં આવે ત્યારે મંદિર, મસ્જિદ જાય, અને ધાર્મિક હોવાનો દંભ કરે તે કેટલું યોગ્ય ?

જવાબ : સૂર્યકાન્ત શાહ

રેશનાલિઝમ વિવેકપૂર્વક જીવવા અને મહત્તમ નિર્દોષ આનંદ પ્રાપ્ત કરવાનો રાહ છે. વિવેક એમાં છે કે સૌથી પહેલા ઈશ્વર, ખુદા કે ગોડના અસ્તિત્વનો અસ્વીકાર કરવો. એના સ્વીકારમાં વિવેક નથી. આથી રેશનાલિસ્ટ નાસ્તિક હોય જ. નાસ્તિક રાજકરણી હોઈ શકે. આથી પોતાના રેશનાલિઝમને જાળવીને કોઈ રાજકારણમાં પ્રવેશે એ આવકાર્ય છે. રાજકારણ એટલે સત્તાપ્રાપ્તિની હોડ. લોકશાહીમાં બહુમત મતદાતાઓની સંમતિ વિના સત્તા મેળવવાનું સંભવિત નથી. અલબત્ત, અન્ય રાજકરણીઓની મહેરબાનીથી પાછલે બારણે બહુમત મતદાતાઓની સંમતિ મેળવ્યા વિના સત્તા મેળવી શકાય છે. એમાં પણ મહેરબાન રાજકરણી તો બહુમત મતદાતાઓની સંમતિએ સત્તાધારી તો બન્યો જ હોય છે.

હવે જો આ મતદાતાઓ આસ્તિક હોય, મંદિર–મસ્જિદમાં જવાવાળા હોય, અને ત્યાં કલાકો સુધી ભક્તિ કરતા હોય તો રાજકારણી બનેલા રેશનાલિસ્ટે ધાર્મિક હોવાનો દંભ કરવો પડે. એણે સ્વીકારેલા રાજકારણના નવા વ્યવસાયમાં ટકી રહેવા એ કરવું જરૂરી છે. આથી એવું બની જાય કે એવા રાજકરણીનો માહ્યલો રેશનાલિસ્ટનો હોય, અને એનો મુખવટો ધાર્મિકનો હોય ! તમે જણાવો છો તેમ એ દંભ જ કહેવાય. રેશનાલિઝમની દ્રષ્ટિએ કોઈ પણ પ્રકારનો દંભ અયોગ્ય જ ગણાય.

રેશનાલિસ્ટ તરીકે આપણે સમજીએ કે આ અયોગ્ય છે, પરંતુ તેનો જાહેરમાં ઉહાપોહ કરવાનું પણ યોગ્ય નથી. બધાના જીવનમાં એકાધિક ત્રિભેટા અને ચાર રસ્તા આવે છે. ભાગ્યે જ કેટલાક સીધી લીટીના રસ્તા પર આગળ વધે છે. એ વ્યક્તિને પોતાના જીવન માટે જે યોગ્ય લાગ્યુ તે કર્યાનો ખ્યાલ પણ રેશનાલિસ્ટોએ રાખવો જોઈએ. મારો જ દાખલો લો. હું પૂરો આસ્તિક અને પૂજા–પાઠ કરવાવાળો હતો. જીવનમાં એક ત્રિભેટો આવ્યો, અને રેશનાલિસ્ટ થવાનો પ્રયત્ન કરવા માંડયો. મારી સાથેના આસ્તિક સાથીઓ આજે મારે માટે શું વિચારતા હશે ? મારા જેવાના રાહ–બદલ મોટા ભાગના રેશનાલિસ્ટોના થયા છે. આપણા જેવાને પ્રવર્તમાન આપણા જ ગાઢ આસ્તિક મિત્રો આપણને 'સહી' લે છે. તેમ કરીને તેઓ એમનો રેશનલ અભિગમ દર્શાવે છે, તેમ આપણે રેશનાલિસ્ટોએ એવા રાજકરણીને 'સહી' લઈને આપણો રેશનલ અભિગમ દર્શાવવો જોઈએ એવો મારો મત છે.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા અય્યર

મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ જુન, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૧ | Vol. 18 No. 6


## પૂરી થયેલી ચૂંટણીના સૂચિતાર્થો

**–સૂર્યકાન્ત શાહ**

પ્રત્યેક ચૂંટણી લોકશાહીને વ્યવહારમાં મૂકવાનો પ્રસંગ હોય છે. એક બેઠક પર એકથી વધારે ઉમેદવારો સ્પર્ધા કરતા હોય છે. આ સ્પર્ધા થવી જ જેઈએ, તો જ લોકશાહી જીવંત રહે. બિનહરીફ થઈને બેઠક કબજે કરવી, કે 'સમરસતા'નો દંભ લોકશાહી પર કઠુરાઘાત કરે છે. આ સ્પર્ધા તંદુરસ્ત હોવી જોઈએ. સ્પર્ધા છે તેથી એક ઉમેદવાર/રો તો હારવાના જ છે. હાર થાય કે જીત મળે, પરંતુ ખેલદિલી જરાયે ઓછી નહીં થાય તો જ લોકશાહી જીવંત રહે, યેનકેન પ્રકારે જીત મેળવવાના પ્રયત્નો લોકશાહીને લૂણો લગાડે છે. મતદાતાઓની સુખાકારી વધારવાના વાજબી અને અમલમાં મૂકી શકાય તેવાં વચનો ઉમેદવારો અને / કે તેનો પક્ષ આપે તો તેમાં કશું ખોટું નથી. અપાતાં આ વચનો બધા જ મતદારોની એકંદર સુખાકારી વધારે એવાં હોવા જોઈએ. મતદારોનાં ધર્મ, જ્ઞાતિ, વર્ગ, રંગ વગેરે પર આધારિત વચનો લોકશાહીની ઘોર ખોદે છે. હા સમાજના પીડીત વર્ગો, પછી એ કોઈપણ ધર્મ, જ્ઞાતિ, વર્ગ કે રંગના હોય, પર ખાસ ધ્યાન આપી એમને માટે અપાતાં અલાયદા વચનો સમાજને સમાનતા તરફ લઈ જાય છે


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

તેથી તે આવકાર્ય બને. જયારે જયારે ચૂંટણી યોજાય ત્યારે ત્યારે આ અને એવી વિભાવનાઓ પર આધારિત યોજાય તો તે લોકશાહીને તંદુરસ્ત બનાવે છે, અને સમાજને વધારે વિવેકયુકત (Rational) બનાવે છે.

જે ચૂંટણી પૂરી થઈ તેમાં આ વિભાવનાઓ ખૂબ ઓછી દેખાઈ. એક યા બીજો રાજકીય પક્ષ જાણે ધર્મયુદ્ધ લડતો હોય તે રીતે પ્રચાર કર્યો. કોઈક ધાર્મિક સ્થાન, કોઈક કોમ, કોઈક ધર્મ, કોઈક કુટુંબ અને તેની અંગત બાબતો, પુરવાર નહીં થયેલી કહેવાતી ઐતિહાસિક ઘટનાઓ વગેરેને કેન્દ્રમાં રાખીને સ્પર્ધા થઈ. મોટા ભાગના ધર્મો, સંપ્રદાયો, ફાંટા, જ્ઞાતિ, વ્યક્તિકેન્દ્રી જેવા રોગોથી પીડાય છે. બિલકુલ અવાસ્તવિક એવા કોઈક અપાર્થિવ તત્ત્વની ભક્તિનો ફેલાવો કરતા હોય છે. હવે ઉમેદવારો કે પક્ષો કોઈ એક ધર્મની તરફદારી કરીને મત માંગે તો એ ધર્મના બધા સંપ્રદાયો, ફાંટા જ્ઞાતિમાં વહેંચાયેલા સૌના મત માંગે છે. એમ કરવામાં ઉમેદવાર કે પક્ષ જો ગફલત કરી બેસે તો એક જ્ઞાતિ બીજી જ્ઞાતિની વિરુદ્ધમાં આવી જાય છે. ઉમેદવારની ગફલતને કારણે કોઈ એક જ્ઞાતિ એની વિરુદ્ધ થઈ જાય છે. એ વિરોધી જ્ઞાતિને પરાસ્ત કરવા માટે ઉમેદવાર અને પક્ષે એની સામે બીજી જ્ઞાતિને ધરવી પડે છે. આ બધું પૂરી થયેલી ચૂંટણીમાં થયું. પરિણામે તદ્દન અવૈજ્ઞાનિક અને સમાજહિતને નુકસાનકારક ધર્મવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ અને વૈયકિતક પ્રભાવ જેવા તત્ત્વો વધારે વકર્યા. પરિણામે વિવેકનો તો ખુરદો જ બોલાઈ ગયો. ઊંચા સાદે હજારોની મેદની સમક્ષ અને વધુ પડતા વિશ્વાસથી ધાર્મિક સ્થાનો પર બુલડોઝર ફેરવાઈ જવાનો ભય ધર્મઘેલા મતદારોને બતાવવામાં આવ્યો ! જે કાંઈ બની ગયું તેને આપણે રેશનાલિસ્ટો મોઢું વકાસીને જોઈ રહ્યા. આપણો સમાજ વધારે ને વધારે અવિવેકી, ધર્મઘેલો અને જ્ઞાતિનાં સમીકરણો મૂકતો બનવા માંડયો. પરિણામે હવે પછી શું થશે તે સામી ભીંતે લખેલા લખાણને વાંચીને આપણે સૌ ડઘાઈ ગયા છીએ. લોકશાહીનું કોચલુ રહી ગયું, અને તે શબ્દમાં સમાવિષ્ટ ભાવનાઓનું ખૂન થયું, તેને રેશનાલિસ્ટો તો જોઈ જ શકયા છે. વધારે દુ:ખ તો એ છે કે આ વિષવર્તુળ ઘુમવા માંડયું છે. એની ગતિ વધી છે અને હજી વધારે પ્રમાણમાં વધશે. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને ન્યાયવાળા તંદુરસ્ત વિવેકી સમાજનું શમણું જાણે કે ઊડી ગયું ! પૂરી થયેલી ચૂંટણીના સૂચિતાર્થો જાણ્યા પછી રેશનાલિસ્ટોએ પોતપોતાના ક્ષેત્રમાં વિવેકબુદ્ધિવાદને ધપાવવા કમ્મર વધારે કસવી પડશે.

# માનવ તત્ત્વ

–તંત્રીલેખ

રાજકોટમાં જે દુર્ઘટના બની તે ખૂબ દુઃખદ છે. રમવા ગયેલાં બાળકો અને અન્ય સ્ત્રી–પુરુષો અડધો–એક કલાકમાં ભડથું થઈ જવાની બીના કાળજુ કંપાવનારી છે. જેઓ ઓચિંતા આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા તેમની પાછળ રહેલ એમના આપ્તજનોને જે વેદના થતી હશે તેનું વર્ણન કરવા માટે શબ્દો–ભાષા ઓછાં પડે એમ છે.

આવી દારૂણ દુર્ઘટના બની તેને માટે જવાબદાર કોઈ તત્ત્વ હોય તો માનવતત્ત્વ હોવાનું બધા સ્વીકારે છે. ક્યાં કોની ભૂલ થઈ, કોણ બેદરકાર હતું, કોનું ગુનાહિત કાવતરુ હતું જેવા પ્રશ્નો પર સૌ વિચારે છે. સલામતી માટેના નિયમો હોવા છતાં પાલન નહીં થયાનો સૌને અફસોસ છે. આ દુર્ઘટના ઈશ્વર–ખુદા–ગોડ નામના અવાસ્તવિક અપાર્થિવ તત્ત્વની અવકૃપા હોવાને પરિણામે ઘટી તેવું કોઈ માનતુ નથી. એવું કોઈએ જાહેર કર્યું હોય તેવું જાણવામાં આવ્યું નથી. દુર્ઘટના ચોકકસ દુઃખદ જ છે, પરંતુ તેનું કારણ કોઈક અપાર્થિવ તત્ત્વમાં, કમનસીબીમાં, પૂર્વભવનાં પાપોમાં, જેવાં તદ્દન ફાલતુ કહી શકાય તેવા પરિબળોમાં હોવાનું સામાન્ય જન માનતો નથી. ભોગ બનેલાના આપ્તજનો પણ માનતા નથી. આ એક સારું ચિહ્ન છે. આપણે બધાં દુર્ઘટનાને તપાસવા માટે વાસ્તવિક ભૂમિ પર આવીને ઊભા રહ્યા છીએ. અપાર્થિવ તત્ત્વનું ડીંડવાણું વચ્ચે લાવવામાં આવતું નથી તેથી દુર્ઘટનાનાં ખરાં કારણો શોધવાનું અને તેને માટે જવાબદારોને પારખવાનું સરળ બનશે. 'ભગવાનની ઈચ્છા' માનીને કોઈપણ ઘટનાની તલસ્પર્શી તપાસ કરવાનું માંડી વાળવામાં આવે છે, તેથી આવી દુર્ઘટનાઓ સમાજમાં તેમ જ વ્યક્તિના જીવનમાં બનતી રહે છે. આ અપાર્થિવ તત્ત્વ આપણને સત્યશોધનમાં બહુ મોટો અંતરાય ઊભો કરે છે.

આટલો વાસ્તવિક અભિગમ આપણે રાખ્યો છે, અને સત્યશોધનની દિશામાં તપાસ થઈ રહી છે ત્યારે ધર્મના ધંધાદારીઓ પલાઠી વાળીને બેસી રહેશે એ માનવું ભૂલભરેલું છે. આ ધંધાદારીઓ 'મરેલાના આત્માની શાંતિ' માટે, 'સમગ્ર રાજકોટ અને બને તો ગુજરાત દુર્ઘટનામુકત બને' તે માટે, 'અપશુકનિયાળ જગામાંથી દાનવીય તત્ત્વોની

નાબુદી' માટે યજ્ઞ, હવન, મંત્રોચ્ચાર, મોરપીંછ, વગેરેનો 'મારો' ચાલુ થઈ જાય તેવી દરેક સંભાવના છે. (છેલ્લા સમાચાર પ્રમાણે મરેલા પર પૈસા કમાવવાનો આ ધંધો શરુ થઈ ગયો છે !) આ ધંધાદારીઓએ એવી જાળ બિછાવી છે કે સુવાવડખાનાથી માંડી બળતી ચિતા સુધીના સમગ્ર કાર્યક્ષેત્રમાં એમનાં તરભાણાં ભરાયા જ કરે. પ્રજા તરીકે આપણે પણ આ લોકોની જાળમાં ફસાઈ જવામાં આનંદ મેળવીએ છીએ. તન, મન, ધનથી ખુવાર થઈએ છીએ તો પણ એ ખુવાર કરનારાને આપણે વંદનીય ગણીએ છીએ !

આપણે રેશનાલિસ્ટોએ મોટા ભાગની આવી દુર્ઘટનાઓ પ્રસંગે જોયું છે કે સંબંધકર્તાઓ જવાબદાર પરિબળો અને માનવતત્ત્વની શોધમાં નીકળીને છેવટે આ ધર્મના ઠેકેદારોના સકંજામાં સપડાઈ જાય છે. જે દુર્ઘટનાઓ બને છે તેને અંતર્ગત આ એક સામાન્ય રીતે બનતી 'દુર્ઘટના' છે. બનેલી દુર્ઘટના કરતાં ધર્મના ધંધાદારીઓ સર્જિત 'દુર્ઘટના' વધારે ખતરનાક છે. શકય હોય ત્યાં રેશનાલિસ્ટોએ જોવું જોઈએ કે સંબંધકર્તાઓ આ જાળમાં ફસાય નહીં, અને સત્યશોધન પર જ ધ્યાન કેન્દ્રિત રાખે.

---

## અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતી–ભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# સમાન નાગરિક ધારો (સંહિતા)

–હેમન્તકુમાર શાહ

ઈશ્વરના અસ્તિત્વ કે અધ્યાત્મ સાથે અને ઈશ્વરની પૂજા પદ્ધતિ સાથે સંબંધ હોઈ શકે છે, પણ લગ્ન કઈ ઉંમરે કરવું કે છૂટાછેડા થાય તો ભરણપોષણની વ્યવસ્થા કઈ હોય તેની સાથે ધર્મને શી લેવાદેવા ? એને માટે કાયદા હોય અને તેનું પાલન બધા નાગરિકોએ સમાન રીતે કરવાનું થાય. જમાનો, જ્ઞાન અને મૂલ્યો બદલાય તો લગ્ન, છૂટાછેડા, વારસા અને વારસાઈ, દત્તક પ્રથા, વિધવા વિવાહ વગેરે અંગેના નિયમો અને કાયદા પણ બદલાય, એમાં કશું ખોટું નથી.

અમારા ધર્મપુસ્તકમાં તો આમ લખેલું છે માટે અમે તો એમ જ જીવીશું એવો કોઈપણ ધર્મના લોકોનો દુરાગ્રહ નકામો છે, અને એ પછાત માનસિકતાનું દ્યોતક છે. વળી, કોઈ પણ ધર્મપુસ્તક ઈશ્વર, અલ્લાહ કે ગોડ કે બીજા કોઈ ભગવાન દ્વારા લખવામાં આવ્યું નથી કે એ બોલ્યાં છે અને કોઈ સંદેશવાહકે તે લખેલું છે એવું કશું હોઈ શકે જ નહિ. કોઈ માણસે કે માણસોએ એ ધર્મપુસ્તકોમાં સદીઓ પહેલાં જે લખવામાં આવ્યું તે આજે આખરી ગણી શકાય નહિ, તે શાશ્વત હોઈ શકે નહિ. એજ રીતે, કોઈ ધર્મને આધારે કે કોઈ માન્યતાને આધારે કે જરૂરિયાતને કારણે કોઈ માન્યતા કે રીતરિવાજ સદીઓ અગાઉ ઊભા થયાં હોય તો તે મુજબ જીવવાનું આજે યોગ્ય લાગતું હોય તો તે ઉચિત ગણી શકાય નહિ. એટલે ભારતમાં સમાન નાગરિક ધારો આવે તો તે સામાજિક સમાનતા ઊભી કરે એમ લાગે છે.

(હેમન્તકુમાર શાહ સંપાદિત 'સમાન નાગરિક ધારો' સંપાદિત પુસ્તિકામાંથી સાભાર)

# લાંચથી રીઝે તે ભગવાન !

ઈશ્વર, ખુદા, ગોડથી ઓળખાતુ અવાસ્તવિક અપાર્થિવ તત્ત્વ આખરે તો એના કર્તા ધર્મના ઠેકેદારો અને ભગતોની જે ઐહિક ઈચ્છાઓ છે તે જ પૂર્ણ કરે છે એવો દાવો કરવામાં આવે છે ! હજી કોઈ ઠેકેદારો કે ભગતે એ અપાર્થિવ તત્ત્વને કશુક અપાર્થિવ કામ કરવાનું કહ્યું હોય તે જાણવા મળ્યું નથી. દા. ત. કોઈ ઠેકેદાર કે ભગતે એ અપાર્થિવ તત્ત્વને મંગળ પરથી બુધ પર છલાંગ મારવાનું જણાવ્યું નથી ! ઠેકેદારો અને ભગતો પરીક્ષામાં પાસ કરી દેવાથી માંડી કરોડોના દલ્લાનો માલિક બનાવી આપવા જેવી માંગ કરે છે ! એ માટે જે પૂજા–પાઠ–બંદગી–પ્રેયરની લાંચ આપવી પડે તે આપે છે. બિચારો ઈશ્વર–ખુદા–ગોડ !

સત્તરમી બાલકૃષ્ણ પાઠકજી વિજેતા નિબંધ (ત્રીજી વિજેતા કૃતિ)

# Religious Madness and Society

–ઝા અમીષા અનિલ

ટી. એન્ડ ટી. વી. સાર્વ. હાઈ., નાનપુરા

Religion is a system used to control people's subconscious mind state. When one is born, She is unaware of the religions or there is no particular religious text attached. Religion is just a mind state which makes people believe in superstition. Many groups of different religions have their own beliefs and own rituals. When we go to the church, we assume that this place is for christians. Similarly we take temples for Hindus and Gurudwaras for Shikhs but there is no god in the heaven telling us. I am the god of Hindus and so for the Muslims. We also believe in the things like, if we do not observe this ot that custom, we'll be going to hell but actualy there is no heaven or hell, No/man has to pay for his deeds on the earth itself. When we are asked to follow the traditions, is there any maths, or scientific reasons behind it ? No..... We are just trapped in subconscious mind state.

There are several religious madnesses in our society. There are spirituality and religion in our society. Whether one chooses to follow Hinduism, Jainism, Christianism, etc. it is their mind state, but sprituality and religion do not make any progress but it causes hindrance.

**Some Religious Madnesses :**

**1. Absolute obedience :**

People blindly believe to whatever the saints preach without knowing their reasons. This becomes a cause of superstition in our society.

Religions make the people docile under the influence of preachings. A Hindu Saint teaches about 'Ramayana and Mahabharat' & a Muslim Maula tells the preaching of Kuran.

1. Here is quote :

"Religion is about turning untested belief into a unshakable truth with the power of institutions and with the passage of time."

-Richard Dawkins

2. Spirituality is of the uneducated :

The educated person knows well the spirituality never brings awarness to the society. Religions lower the power of a conscious mind state and attracts towards the fake beliefs. It makes the people to follow the rules written in the name of god in a book. These make the false nations and hinder the truth, one seeks for.

3. Born into a particular religion :

A child inherits the prayers and worship of god from the parents who make him / her to do fall for the activities followed according to their religion.

For Example :

The person learns his / her mother language, dresses according to their religion, customs, accents and many more rather than following his/her duty as a responsible citizen.

4. Teaches fake compassion :

Our religion teaches us the path of compassion but do they actually follow the same ?

There are many histories full of bloodshed and loss of lives. People were forced to choose a religion by their colonizers or conquerors.

Religion is a mytholozy. The only difference is that one who agrees for the myth and thinks it as real. It would be just like assuming Hary Porter is real. Religion is very effective form of mind control. One who blindly follows belief, can get manipulated easily. Also it causes division in the country. In the name of religion. The wars in the world too included religious fights and lots of bloodshed.

Religion was the reason for slavery once as Bible preaches how to control the slaves. It becomes the cause of wars over the countries for endless years.

The actual fact is that 'Religion' is nothing but the duty of an individual. One who follows the duty as a responsible citizen is the religious, dutiful man. However religion and science cannot mix as religion teaches the status but science follows the path of evidence and scientific facts. So for developing a nation, the religious madness should not be allowed.

The most and first priority is one's duty for his family and country rather than, discussng or graving on the topic of religion.

Duty is the first religion.

---

## સત્યશોધક સભાને દાન

'સત્યાન્વેષણ'ના વાંચકો ગાંધીનગરના પ્રવીણ ગઢવીથી પરિચિત છે. એમના વિદ્વતાપૂર્ણ લેખોથી 'સત્યાન્વેષણ' સમૃદ્ધ રહે છે. 'સત્યાન્વેષણ'ના નવા વાચકો બને તે માટે પણ તેઓ પ્રયત્નશીલ છે. પ્રસંગોપાત તેઓ સત્યશોધક સભાને દાન પણ આપે છે. એમણે ફરી એકવાર સત્યશોધક સભાને રૂા. ૩,૫૦૦/– નું દાન આપ્યું છે. જેનો સત્યશોધક સભા સાભાર સ્વીકાર કરે છે.

તા. ૧૯–૦૫–૨૪ **સૂર્યકાન્ત શાહ** (પ્રમુખ)

## 'સત્યાર્થ – પ્રકાશક' માં દયાનંદ

એ બાબત દુઃખદ છે કે 'સત્યાર્થ–પ્રકાશક'ના પાન : ૧૧૮ ની પાદપુર્તીમાં દયાનદ બદ્ધિ અને અહંકારને એક માને છે.

મુકિતની વિભાવના કરવામાં દયાનંદ સ્પષ્ટ નથી. બહુ ગોટાળા કર્યા છે. એકવાર જણાવે છે કે મુકિત મળતા જીવ પાછો આવતો નથી. બીજી વાર મુકિતમાં એક અબજોના અબજો વર્ષો રહીને પાછો દુનિયામાં આવે છે એવું જણાવ્યું છે. એ આ ગોટાળાને આગળ વધારતા સૂક્ષ્મ શરીરમાં સત્તર સત્તર તત્ત્વો હોવાનું પહેલા તો જણાવે છે. જો બધી જ્ઞાનેન્દ્રિયો અને અન્ય તત્ત્વો સાથેનું શરીર હોય તો એ સૂક્ષ્મ કેવી રીતે કહેવાય ? દયાનંદ એવા શરીરને સૂક્ષ્મ જણાવ્યા પછી જણાવે છે કે આવા કહેવાતા સૂક્ષ્મ શરીર સાથે જીવ મુકિતમાં જાય છે અને એ ઈન્દ્રિઓ વગેરેની મદદથી એ સુખ ભોગવે છે ! મુકિત અને તેમાં જીવની અવરજવરની બાબતમાં દયાનંદ બીલકુલ તર્કવિહીન અને ગોટાળા ભરપૂર વાતો કરે છે.

### મુકિતમાં પણ પરસ્પર વિરોધી ગપ્પા !

દયાનંદના મતે જે મુકિત છે તે તો જાણી હવે એ સમાજ–પ્રકાશક'માં જુદા જુદા ધર્મો અનુસારની જે મુકિત બતાવી છે તે જોઈએ. જૈન લોકો મોક્ષશીલા અને શિવપુરમાં જઈને ત્યા ચૂપચાપ બેસી રહેવામાં, ખ્રિસ્તી લોકો ચોથા આસમાન સમાજમાં કે જેમાં વીવાદ, લડાઈ, ગાંજાવાજા અને વસ્ત્ર વગેરે ધારણ કરવાથી આનંદ ભોગવવામાં આવે અને તેમાં મુસલમાન લોકો સાતમા આસમાન, વામમાર્ગી લોકો શ્રીપુરમાં, શૈવ લોકો કૈલાશમાં વૈષ્ણવ લોકો વૈકુંઠમાં અને ગોકુળિયા લોકો ગૌલોક વગેરેમાં જઈને ઉત્તમ સ્ત્રી, અન્ન, પાન, વસ્ત્ર, સ્થાન વગેરેને પ્રાપ્ત થઈને આનંદમાં રહેવાને મુકિત માને છે.

### પંચમહાભૂતમાં મળી જવું તે બંધન !

મુકિતની બાબતમાં દયાનંદે 'સત્યાર્થ–પ્રકાશક'માં બહુ ગોટાળા કર્યા છે. નાસ્તિકોના અભિપ્રાય પરત્વે એમનો અભિપ્રાય એમના શબ્દોમાં :

સાધારણ નાસ્તિક લોકો મરવાથી તત્ત્વોમાં તત્ત્વો ભળી જવાને પરમ મુક્તિ (કોણે કહ્યું ? –સુ.) માને છે, એવી મુકિત તો કૂતરાં, ગધેડાં, વગેરેને પણ પ્રાપ્ત છે. (ચાલો, કૂતરાં, ગધેડાં તો છૂટયા ! –સુ.)

પરંતુ એ મુક્તિઓ નથી, પણ એક પ્રકારનું બંધન જ છે., કારણ કે, એ લોકો શિવપુર, મોક્ષશીલા, ચોથા આસમાન, સાતમા આસમાન, શ્રીપુર, કૈલાશ, વૈકુંઠ અને ગૌલોકને એક દેશમાં સ્થાન–વિશેષ માને છે. (નાસ્તિકો આવું કદી માનતા નથી. –સુ.) જો તેઓ એ સ્થાનોથી અલગ થાય–બહાર જાય, તો મુકિત છુટી જાય. આથી જેમ 'બાર પથ્થરની અંદર દષ્ટીબંધ (નજરકેદ) થાય છે, તેની માફક બંધનમાં જ હશે. મુક્તિ તો એ જ છે કે જીવન જ્યાં ઈચ્છા હોય ત્યાં તે વીચરે. (આ નવું ! –સુ.) કયાંય અટકે નહીં અને તેને જરા પણ ભય, શંકા અને દુઃખ ન હોય.

દયાનંદ 'સત્યાર્થ–પ્રકાશક'માં જણાવે છે કે ઈશ્વર કોઈથી ડરતો નથી કારણ કે તે કદી કોઈને અન્યાય કરતો નથી ! તરત જ ઈશ્વર તરફથી થતા અન્યાયનો દયાનંદ જ ઉલ્લેખ કરે છે.

જુઓ ! એક જીવ વિદ્વાન, પુણ્યાત્મા, શ્રીમાન રાજાની રાણીના ગર્ભમાં આવે છે, અને બીજો અત્યંત ગરીબ, મજૂરણ કે ભીખારણના ગર્ભમાં આવે છે. એ પૈકી પહેલા જીવને ગર્ભથી લઈને બધી રીતનું સુખ મળે છે. જ્યારે બીજાને બધી રીતનું દુઃખ મળે છે !' દયાનંદ જ આ જણાવે છે તો પૂછવાનું થાય જ ને કે ઈશ્વર અન્યાય નથી કરતો તો શું કરે છે ?

## જીવ અને પરમેશ્વર તો અલગ જ રહે !

મુક્તિ વિષયક ગોટાળા કરતા દયાનંદ પોતાનામાં, ગોટાળાને આગળ વધારતા જણાવે છે કે 'મુક્તીમાં જીવ પરમેશ્વરથી અલગ રહે છે કારણ કે જો મુક્તિમાં જીવ પરમેશ્વરમાં ભળી જાય–વીલીન થઈ જાય, તો પછી મુકિતનું સુખ કોણ ભોગવશે ? અને મુક્તિના જેટલા પણ સાધન છે એ બધા જ નિષ્ફળ થઈ જશે. એ તો જીવની મુક્તિ ન થઈ. પરંતુ એ તો જીવનો પ્રલય જ સમજવો રહ્યો. જે જીવ પરમેશ્વરની આજ્ઞાનું પાલન ઉત્તમ કર્મ, સત્સંગ અને યોગાભ્યાસ વગેરે અગાઉ જણાવેલ સર્વ સાધના કરે છે, તે જ મુક્તિ પામે છે.'

આટલું ઓછું હોય તેમ દયાનંદ સ્વર્ગના બે પ્રકાર પાડે છે. 'જે સાંસારિક સુખ છે તે 'સામાન્ય સ્વર્ગ છે અને જે પરમેશ્વરની પ્રાપ્તિથી થતો આનંદ છે તે 'વિશેષ સ્વર્ગ' કહેવાય છે.

# જગતનો નિર્માતા ન્યાયી, દયાળુ અને સર્વશક્તિમાન છે કે નહીં ?

–એન. વી. ચાવડા

(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓ શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરૂપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી એ અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)

કેટલાંક બુદ્ધિજીવી વિદ્વાનો કહે છે કે હવે તો ઘણા વૈજ્ઞાનિકો પણ માનવા લાગ્યા છે કે પૃથ્વી પર જે જીવન પાંગર્યું છે તે માત્ર અકસ્માત, ચાન્સ કે શક્યતાઓને કારણે પાંગરી શકે નહીં. એમાં કોઈ ચોક્કસ ઈરાદાઓને અંજામ આપવા માટે બુદ્ધિ વપરાઈ છે. કશુંક ચોક્કસ ગણતરીપૂર્વક પાર પાડવા માટે પ્લાનિંગ કરવામાં આવ્યું છે.

ચાલો, આપણે માની લીધું કે ઉપર કહ્યું તેવું બનાવનારો કહેવાતો અલૌકિક ઈશ્વર આ જગતમાં છે. એની પાસે બુદ્ધિ અને શક્તિ તથા જ્ઞાન અને કાબેલિયત છે એ પણ માની લીધું, પરંતુ પ્રશ્ન એ છે કે તેનામાં ન્યાય, દયા, કરૂણા અને પોતાની બનાવેલી જીવ સૃષ્ટિ પ્રત્યે પ્રેમ છે કે નહીં ? એનામાં સ્થળ, કાળ અને સંજોગ પ્રમાણે સૃષ્ટિને સુધારવાની શક્તિ અને દાનત છે કે નહીં ? એ સર્વશક્તિમાન, સર્વસમર્થ અને સર્વોપરી છે કે નહીં ? એને એવી સૃષ્ટિ શા માટે બનાવી કે જેમાં એક જીવ બીજા જીવને નિર્મમ, નિર્દય અને ક્રૂર રીતે ખાઈ જઈને જ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે ? દરેક નિર્બળ મનુષ્ય, પ્રાણી અને જીવજંતુ કાયમ ભય, અસલામતી, ત્રાસ, અશાંતિ, અસુવિધામાં જ જીવે એવું એમને માટે કાયમી દુઃખદાયક અને કષ્ટદાયક જીવન કેમ બનાવ્યું ? એક કૂતરીની પાછળ અનેક કામાસકત કૂતરાઓ દોડતા રહે અને લડતા રહે તે રીતે જ સ્ત્રીની પાછળ પણ અનેક પુરુષો પડે એવી વ્યવસ્થામાં ઈશ્વરની કયા પ્રકારની બુદ્ધિ અને કયું ચોક્કસ આયોજન છે તે કોઈ સમજાવી શકે એમ છે ? જગતમાં સ્ત્રી–પુરુષની વસ્તી સરખી રહે છે. અર્થાત્ જગતની અર્ધી વસ્તીને ઈશ્વરે અસલામત કેમ બનાવી છે, એ એકલી કયાંય સલામત કેમ નથી ? બે પાંચ વર્ષની બાળકી ઉપર પણ પુરુષો પાશવી બળાત્કાર ગુજારી મારી નાખે એવી વ્યવસ્થા ઈશ્વરે શા માટે કયો હેતુ સિદ્ધ કરવા, કયા ઈરાદાઓને અંજામ આપવા માટે આવું ભયંકર આયોજન ઈશ્વરે કર્યું છે ? જગતમાં પ્રત્યેક પળે ઘટતી આવી અને આનાથી યે ભયંકર ઘટનાઓ જોતા એનો નિર્માતા કોઈ ન્યાયી, દયાળુ, સર્વશક્તિમાન ઈશ્વર હોય એવું જરાય માની શકાતું નથી. તો પછી એવો ઈશ્વર શું કામનો ?

# ડાકણ પ્રથા સામે ઝઝૂમનાર પદ્મશ્રી ધારક આસામી મહિલાનો દેહાંત

**–પ્રા. અશ્વિન ન. કારીઆ**

ડૉ. નરેન્દ્ર ડાભોલકરની ૨૦ ઓગસ્ટ, ૨૦૧૩ પૂનામા સવારે જાહેર રસ્તા પર થયેલી હત્યા બાદ, મહારાષ્ટ્ર સરકારે સફાળી ઊંઘમાંથી જાગી રાતોરાત 'અંધશ્રદ્ધા નિર્મૂલન' વટહુકમ પસાર કરી દીધો અને તેના ટૂંક સમયમાં તે કાયદો પણ બનાવી દીધો. મહારાષ્ટ્ર આ રીતે આવો કાયદો પસાર કરનાર પ્રથમ રાજ્ય બન્યું.

બીજી બાજુ દુર્ગમ વિસ્તાર આસામમાં અંધશ્રદ્ધા નિર્મૂલન કાનૂન પસાર કરાવવામાં એક નિરક્ષર મહિલાની ઝુંબેશે મહત્ત્વનો ભાગ ભજવેલ હોવાનું કહેવામાં આવે તો આ હકીકત માની શકાય ખરી ? હા, આ બિલકુલ સત્ય છે. આસામના ગોલુપરા જીલ્લાના અંતરિયાળ ગામમાં રહેતી બિરૂબાલા નામની મહિલાએ ૨૦૧૧માં મહિલા સમિતિ નામથી ડાકણ વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરી હતી. જ્યારે કોઈપણ ગામથી કોઈ સ્ત્રીને ડાકણ ગણી અત્યાચાર થઈ રહેલ હોવાના સમાચાર મળે ત્યારે અર્ધી રાત હોય કે દિવસ બિરૂબાલા ચાલતા, વાહનમાં કે નદી પાર કરીને તે ગામે પહોંચી જતી અને તે સ્ત્રીને અત્યાચારથી મુક્ત કરતી. બિરૂબાલાની આ માનવવાદી અને પ્રશસ્ય ઝુંબેશને કંઈ બધેથી સહકાર મળ્યો ન હતો. તેનો વિરોધ થતો હતો, તેને માર મારવાની ધમકીઓ અપાતી હતી. તેણીએ 'મિશન બિરૂબાલા' નામની સ્વૈચ્છિક સંસ્થાની સ્થાપના કરી. તેમાં કર્મશીલો, વકીલો અને અત્યાચરમુક્ત કરાયેલી સ્ત્રીઓ જોડાઈ, અને સંગઠન મજબૂત બન્યું. આ સંસ્થાના કારોબારી સભ્ય અનામિકા બરૂઆએ જણાવેલ છે કે, 'બિરૂબાલાએ એકલે હાથે ૩૫ સ્ત્રીઓને આ અત્યાચારથી બચાવી હતી.' સંગઠનની સ્થાપના થયા બાદ સંસ્થાએ ૫૫ સ્ત્રીઓને સહાયતા કરી હતી.

બિરૂબાલાનો અભ્યાસ ૫ ધોરણથી વધારે થયેલ ન હતો. અંધશ્રદ્ધા વિરુદ્ધ ઝુંબેશ પાછળના કારણમાં ૧૯૮૫નો એક બનાવ છે. તેણીનો સૌથી મોટો પુત્ર ૧૯૮૫માં માંદો પડયો. સ્થાનિક ભુવાએ નિદાન કરેલ કે તે એક પરીના પ્રેમમાં છે અને ત્રણ દિવસમાં તે મૃત્યુ પામશે. પરંતુ આવું કાંઈ થવાના બદલે તે પુત્ર સાજો થયો. ત્યારથી

બિરુબાલાએ અંધશ્રદ્ધા વિરુદ્ધ ઝુંબેશની શરૂઆત કરેલી છે. આ ઝુંબેશના કારણે તેના પોતાના ગામમાં જ બિરૂબાલા એકલી પડી ગઈ હતી. જ્યારે તે પિડીત સ્ત્રીઓની વહારે જતી, ત્યારે તેણીના પર હુમલાઓ પણ કરવામાં આવતા હતા. બિરૂબાલાના સાથીએ એક કિસ્સો વર્ણવતા કહ્યું છે, 'એક વખત અમે એક સ્ત્રીને ડાકણ તરીકેના ત્રાસથી છોડાવવા એક ગામે ગયા હતા. વળતા રાતનો અંધકાર વ્યાપી ચૂકયો હતો. નદી પાર કરવાની હતી. સાથીઓને બીક લાગતી હતી. નદી પાર કરતાં ભૂતનો ડર લાગતો હતો પરંતુ તેમણે બધાને હિંમત આપી ભયમુકત કરાવી નદી પાર કરાવી હતી.

પૂર્વ રાજ્ય પોલીસ વડા ફૂલાધાર સાઈકીઆ જણાવે છે કે, 'વિસ્તારને અંધશ્રદ્ધા મુક્ત કરવાના બિરૂબાલાના પ્રોજેકટનો હું સાક્ષી છું અને એક વ્યક્તિની હિંમત સમાજમાં કેવડું મોટું પરિવર્તન લાવી શકે છે તે જોવા જેવું છે. ૨૦૧૧ માં બિરૂબાલાએ આ પ્રોજેકટની શરૂઆત કરી. લોકો આ સમસ્યા વિશે કશુ જાણતા ન હતા. મીડિયાનો સાથ પણ ન હતો. ત્યારે તેણીએ એકલા હાથે સામાજિક જાગૃતિના કરેલ પ્રયત્નો કાબિલેદાદ છે. આસામ જેવા વિસ્તારમાં પ્રજાને અંધશ્રદ્ધા મુકત કરવાની આ ઝુંબેશની ભારત સરકારે પણ નોંધ લીધી અને ૨૦૨૧માં બિરૂબાલાને પદ્મશ્રી ઈલકાબ પણ અપાયો.

આસામ સરકારે Assam witch Hunting (Prohibition, Prevention and Protection) Bill 2015 માં ધારાગૃહમાં રજૂ કરેલ. ડાકણ પ્રથાને નિગૃહણીય, બિનજામીનપાત્ર અને બિનસમાધાનપાત્ર ગુનો બનાવાયેલ છે. બિરૂબાલા અને તેના સાથીઓની મહેનત આ કાયદો ઘડવા પાછળની પ્રેરણા છે. આ કાયદો ૨૦૧૮ થી અમલી બનેલ છે. બિરૂબાલાનો આ વારસો તેણીના સાથીઓએ જાળવી રાખી ઝુંબેશ ચાલુ રાખેલ છે.

૨૦૨૧માં બિરૂબાલાને કેન્સરનું નિદાન થયેલ. આ નિદાન પછી ગયા વર્ષે તેણીની તબિયતે ગંભીર વળાંક લીધો ત્યાં સુધી સામાજિક જાગૃતિના કાર્યક્રમો તેણીએ યોજ્યા. અંતે ૧૩મે ના રોજ તેણી મૃત્યુ પામી. આવી પ્રવૃત્તિને એક તરફ ભારત સરકાર બિરદાવે છે, રાજય સરકાર કાયદો ઘડે છે, તો ગુજરાતમાં સત્યશોધક સભા, સુરત, બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, પાલનપુર, ગુજરાત–મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશન, ગોધરાની છેલ્લા ૧૫ વર્ષથી 'અંધશ્રદ્ધા નિર્મૂલન કાયદો' ઘડવાની ઝુંબેશને ગુજરાત સરકાર જરાપણ મચક આપતી નથી. કારણ શું હશે ? વિચારજો.

# ઈશોપનિષદ

**–પ્રવિણ ગઢવી**

ગાંધીજીએ કહ્યું હતું, એકસો આઠ ઉપનિષદોમાંથી ફક્ત ઈશાવાચ્ય ઉપનિષદનો પહેલો શ્લોક બચે અને બીજાં બધા નાશ પામે તોય હિંદુ ધર્મ સદાકાળ જીવતો રહેશે. તેથી તે મહત્ત્વનું ઉપનિષદ કહી શકાય.

આ ઉપનિષદનો શાંતિપાઠ કહે છે કે, 'સામે પેલું છે તે પૂર્ણ છે. તારી નજીકમાં છે તે પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ નીકળે તો પણ પૂર્ણ રહે છે.'

આમાં તે એટલે પરબ્રહ્મ–પરમાત્મા–ઈશ્વર–આદિ તેમાંથી જીવ બનેલો છે. જીવ એનું ઘટક છે. તે પણ પૂર્ણ છે. પરમાત્મામાંથી આત્મા બાદ થાય તોય પરમાત્મા પૂર્ણ જ રહે છે. અર્થાત્ બ્રહ્મતત્ત્વમાં વધારો–ઘટાડો થતો નથી.

હવે આમાં પરમતત્ત્વના અને આત્માના અસ્તિત્ત્વને સ્વીકારી લેવામાં આવ્યા છે. પરંતુ વિજ્ઞાન એની પુષ્ટિ કરતું નથી. આત્મા, ચેતના એ રાસાયણિક સંયોજનની ક્રમિક ઉત્ક્રાંતિનું પરિણામ છે, અને તે પૃથ્વી પર જ માટી, પાણી અને સૂર્યપ્રકાશના સંયોજનથી ઉત્પન્ન થયું છે. આપણા શરીરના બધા જ કોષોમાં જીવ છે. જ્યારે ઘસારાથી–ઉંમરથી કે આકસ્મિક કોષો વચ્ચેની સર્કિટ તૂટી જાય છે ત્યારે ચેતના વિલય પામે છે. તે કયાંય જતી નથી, પરંતુ વેદાંતીઓ અશરીરી આત્માનું અસ્તિત્વ છે, એમ માને છે, જે અવૈજ્ઞાનિક છે. તેથી ભૌતિક પદાર્થોના રાસાયણિક સંયોજનથી કેવળ આ પૃથ્વી પર જ જીવન પાંગર્યું છે. જો કોઈ સર્જક હોત તો અન્ય ગ્રહો પર કે અન્ય સૂર્યમંડળોમાં આત્મા મોકલ્યો હોત.

પૂર્ણમાંથી પૂર્ણ જાય તો ગણિત મુજબ તો શૂન્ય જ રહે. દરિયામાંથી ભલે ટીપુ પાણી લઈએ, તે ઓછું જ થાય છે. ટીપે ટીપે સરોવર ભરાય પણ છે, અને ખાલી પણ થાય છે. એટલે પરમાત્મામાંથી આત્મા શરીરમાં આવતા પરમાત્મા પૂર્ણ જ રહે છે અને આત્મા પણ પૂર્ણ રહે છે. તે ભ્રામક ધારણા છે.

'આ વિશ્વ ઈશનો આવાસ છે. સર્વત્ર ઈશ વ્યાપક છે. જગત ક્ષણભંગુર છે. તેથી હે જીવ, તું ત્યાગ કરવાનું રાખ. તો જ તું સુખી થઈશ. કોઈના ધનની લાલસા કર નહિ. (શ્લોક–૧)'

આત્મા–પરમાત્માની કલ્પના માણસ વિચારતો થયો ત્યારથી આવી છે. ઈજિપ્તમાં પણ આવી કલ્પના હતી. યહૂદી ધર્મમાં પણ તે છે. વેદ પછી આ માન્યતા ભારતમાં આવી. વેદોમાં તો અગ્નિ, ઈન્દ્ર, વરુણ, મિત્ર (સૂર્ય) આદિ દેવો અને તેમની સ્તુતિઓ છે. આ વિશ્વ કોણે સર્જ્યું તેની ચર્ચા પણ છે, પરંતુ દેવોને પણ ખબર નથી એમ કહી વેદ ઋષિઓએ હાથ અદ્ધર કરી દીધા છે. યજ્ઞોમાં પણ પશુબલિ આપી દેવોને પ્રસન્ન કરવાનો ઉપદેશ આ જ વેદોમાં જોવા મળે છે.

ઉપનિષદોમાં આત્મા–પરમાત્માની અશરીરી ધારણા પ્રગટ થઈ છે. આખા વિશ્વમાં ઈશ્વર વ્યાપ્ત છે. જીવન ક્ષણભંગુર છે, એટલે કે મૃત્યુ થાય છે. તેથી ધનનો અતિ લોભ કર્યા વગર તેનો ત્યાગ કરવાનો ઉપદેશ છે. 'તેન ત્યક્તેન ભુંજીથા'નો આપણે ત્યાં બહુ મહિમા કરવામાં આવ્યો છે. ત્યાગથી જ આનંદ મળે છે. સુખ મળે છે. ચાર્વાક કહે છે કે, 'ખેડૂત ડાંગરના ફોતરાના ભયે ચોખા ફેંકી દેતો નથી. તેથી મૃત્યુના ભયે બધું છોડી દેવું યોગ્ય નથી. જીવો ત્યાં સુધી ભૌતિક સુખો ભોગવવા જોઈએ.' કદાચ ધનવાનો પાસેથી દાન મેળવવા બ્રાહ્મણોએ આ વિચાર વહેતો કર્યો હોય. અદિમ માનવસમાજ સમાજવાદી હતો, અંગત મિલ્કત હતી નહિ, પરંતુ પછી અંગત મિલકત થવા માંડી. તેથી ઉપનિષદકાર કહે છે કે કોઈના ધનની લાલસા કરીશ નહિ. અર્થાત્ લૂંટ, ચોરી કરીશ નહિ. અંગત મિલકત ઊભી થઈ ત્યારે સકિંચન–અકિંચન ઊભા થયા અને ચોરી–લૂંટના પ્રશ્નો ઊભા થયા.

'કર્મો કરતાં કરતાં જ સો વર્ષનું આયુષ્ય ભોગવવાની ઈચ્છા કરવી જોઈએ. હે મનુષ્ય, તારા કર્મોના ફળોનું વળગણ રહેશે નહિ. તે સિવાય અન્ય રસ્તો નથી.' (શ્લોક–૨)

માણસે આજીવિકા કે કોઈ આદર્શ માટે કર્મો કરવા જોઈએ. સો વર્ષનું આયુષ્ય ભોગવવું જોઈએ. તે તો બરાબર છે, પરંતુ કર્મના ફળની આશા ન રાખવી તે બરાબર નથી. ગીતાના કર્મફળના સિદ્ધાંતનું મૂળ ઉપનિષદોમાં છે. ફળ વગર કોણ કામ કરે ? ખેડૂત પાક માટે કામ કરે છે. વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થવા માટે અભ્યાસ કરે છે. માણસ આજીવિકા–પગાર માટે કામ કરે છે. ફળની આશા ન હોય તો પગારની, પાસ થઈને નોકરી–ધંધો મેળવવાની આશા ન હોય તો પછી કામ કોણ કરે ? જઠરાગ્નિ બુઝાવવા માણસ કામ કરે છે, કામાગ્નિ બુઝાવવા લગ્ન કરે છે, પ્રેમ કરે છે.'

'ઘોર અંધકારથી વીંટળાયેલું એક લોક છે. જે અસૂર્ય–અસુર કહેવાય છે. જે લોકો આત્મહન છે એમની ગતિ અસુર લોક પ્રતિ થાય છે.' (શ્લોક ૩)

અર્થાત્ આત્મજ્ઞાન–બ્રહ્મવિદ્યા એટલે કે આત્મા પરમાત્માના અસ્તિત્વમાં ન માનનારા નાસ્તિકો, અસૂર્ય લોક–સૂર્ય વિનાના અંધારામાં જાય છે. તેઓ આત્મહન–આત્માના હત્યારા છે.

વેદોમાં અને તે પછી સ્પષ્ટરૂપે ચાર્વાક મત પ્રગટ થયો, ચાર્વાકમતીઓ આત્મા–પરમાત્માના અસ્તિત્વને સ્વીકારતા નથી. તેથી તેમને માટે કહેવાયું કે, 'તેઓ પાપીઓની જેમ અસુર લોક–નરકમાં જાય છે.' આ વાત તમામ ઉપનિષદો અને ગીતામાં વારંવાર કહેવાઈ છે.

હકીકતમાં મૃત્યુ પછી અંધકાર જ છે. અલબત્ત તે જોવા, આંખો કે સમજ નથી. આત્મા–ચેતનાનો વિલય બુદ્ધના કહેવા મુજબ બુઝાઈ ગયેલા દીવા જેવો છે. બુઝાયેલો દીવો કયાં જાય છે ? એના વાયુઓ છૂટા પડી વાયુમાં ભળી જાય છે.

'વૈવિધ્યપૂર્ણ આ ચલ જગતમાં સદાય અચલ રહેતું એક તત્ત્વ છે જે મનથી વધુ વેગવાળું, મનનેન્દ્રિયના દેવોથી આગળ રહે છે. તે સર્વત્ર અડગ છે. જ્યારે અન્ય ભૂત– જીવો ચલ છે. તે સૌથી આગળ જ રહે છે. તેના અનંત–પૂર્ણ વ્યાપમાં વિશ્વના બધા પ્રવાહોને પ્રાણરૂપી માતરિશ્વા ધારણ કરે છે.' (શ્લોક–૪)

અર્થાત્, 'પરમાત્મા સર્વમા વ્યાપ્ત છે,' એ ધારણા ઉપનિષદોમાં વારંવાર અભિવ્યકત કરવામાં આવી છે, જે ભ્રામક છે.

વળી તેને સ્થિર અને દોડતું, આગળ ને આગળ રહેતું દર્શાવાયું છે. તેની અંદર જગતના સર્વ વહેતા પ્રાણરૂપી માતરિશ્વા (વાયુ), જીવનશક્તિ ધારણ કરે છે.

ખુદ વિનોબા કબૂલે છે કે અહીં તર્ક દ્રષ્ટિએ મુશ્કેલી ઊભી થાય છે, એટલે કે તાર્કિક નથી, પરંતુ વિનોબા તો ઉપનિષદના વકીલ, એટલે વિતર્ક (dialectic) કહી તેનો બચાવ કરે છે.

ટૂંકમાં, પરમ તત્ત્વ–બ્રહ્મ વિશે ઋષિની કલ્પનાના ઘોડા જ દોડતા અહીં જોવા મળે છે.

'તે હાલે–ચાલે છે અને હાલતું–ચાલતું નથી. તે દૂર પણ છે, નજીક પણ છે. તે સર્વની અંદર પણ છે અને બહાર પણ છે.' (શ્લોક–૫)

આ પણ બ્રહ્મતત્ત્વ વિશેની કલ્પના જ છે, તે પારા જેવું તરલ છે. પકડી શકાય તેમ નથી. વાસ્તવમાં ઋષિ બ્રહ્મતત્ત્વના સ્વરૂપ વિષે ચોક્કસ નથી. આ જ વાત ગીતા (૧૩–૧૫)મા કહેવાઈ છે. પરમાત્મા અને જીવાત્મા અજર–અમર છે, તેમ ઋષિ કહેવા માગે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ તો એનુ અસ્તિત્વ જ નથી.

'પરંતુ જે મનુષ્ય આત્મામાં ભૂત પદાર્થ અને ભૂત પદાર્થમાં આત્માને જુએ છે, તે મનુષ્ય કોઈ પ્રતિ ઘૃણા–જુગુપ્સા કરતો નથી.' (શ્લોક–૬)

વર્ણાશ્રમમાં હવે, આવા બ્રહ્મજ્ઞાનીઓ જ માને છે અને શુદ્રો પ્રતિ ઘૃણા–જુગુપ્સા રાખે છે. બ્રહ્મજ્ઞાનીએ સર્વમાં એક જ આત્મા છે, અને દરેક આત્મા, પરમાત્માનો અંશ છે એમ કહેવા છતાં ઊંચનીચના ભેદભાવ યથાતથ પ્રવર્તે છે. હકીકતમાં આ શ્લોકને સમાનતાનો ઉદ્‌ઘોષક કહી શકાય. ગીતામાં અધ્યાય–૧૭, શ્લોક ૧૬ માં આ કહેવાયું છે, પરંતુ આપણા સમાજમાં કથની અને કરણીનો ભેદ દૂર થતો જ નથી !

'બધા સાથે એવું ઐકય પામનારને શોક–મોહ રહેતો નથી ! (શ્લોક–૭)

ખરેખર, આમ બને તો કેવું સારું ! ગીતામાં (૫–૧૮) માં કહેવાયું છે કે વિદ્વાન વિપ્ર, ચાંડાલ, ગાય, હાથી અને કૂતરા માટે સમદ્રષ્ટિ રાખે તે જ્ઞાની. ખરેખર તો કહેવાતા બ્રહ્મજ્ઞાની નહિ, નિરીશ્વરવાદીઓ જ આવી સમદ્રષ્ટિ રાખે છે. અલબત્ત વિવેકાનંદ, ગાંધીજી, વિનોબા જેવા અપવાદ અવશ્ય છે.

'વિશ્વાત્મા સર્વવ્યાપક છે, તેજસ્વી છે, અશરીરી અખંડ, સ્નાયુહીન, નિર્મળ, નિષ્કલંક, કવિ (જ્ઞાની), મનીષી છે, સર્વથી ઊંચે છે. સ્વયંભૂ–અજન્મા છે, અનાદિ છે. ' (શ્લોક–૮)

આ પણ પરમાત્માના નિરાકાર સ્વરૂપની કલ્પના છે. વેદો–ઉપનિષદોનો ઈશ્વર–અલ્લાહ–યહોવાહ જેવો નિરાકારી હતો, પરંતુ પૌરાણિક કાળમાં મહાવીર–બુદ્ધની મૂર્તિઓના અનુકરણમાં સનાતન ધર્મમાં આકારી સ્વરૂપ–મૂર્તિપૂજા પ્રવેશી. સિકંદરના ગયા પછી ગંધારમાં રહી ગયેલા ગ્રીક શિલ્પીઓએ બુદ્ધની મૂર્તિઓ ગ્રીક દેવો જેવી બનાવી પછી ભારતમાં મૂર્તિપૂજાનો પ્રવેશ થયો, જે આજે સનાતન ધર્મનું આવશ્યક અંગ થઈ ગયું છે અને રામલલ્લાની મૂર્તિ પાછળ આખો દેશ ગાંડો થઈ ગયો છે !

ઈશ્વરે 'યથાતથ્ય' એટલે કે બધું ગોઠવેલું છે. વિશ્વ એની મેળે, ઓટોમેટિક ચાલ્યા કરે છે. ઉત્ક્રાંતિવાદીઓ, વૈજ્ઞાનિકોનું આ કહેવું છે. એનો કોઈ સંચાલક નથી.

પદાર્થના ગુણધર્મો પ્રમાણે વિશ્વ સ્વયં સંચાલિત છે. અધ્યાત્મવાદીઓ ઈશ્વરને કર્તાહર્તા માને છે. 'ગોડ ઈઝ ઈન હેવન, ઓલ ઈઝ રાઈટ વિથ ધ વર્લ્ડ !' સ્તાલિને કહેલું, ઈશ્વરને સ્વર્ગમાં જ પડયો રહેવા દો !

પૃથ્વી સૂર્યની આસપાસ, સૂર્ય ગેલેકસીના કેન્દ્રની આસપાસ ફરે છે. સૌ તારાવિશ્વો પોતપોતાની જગ્યાએ છે. ગુરુત્વાકર્ષણ અને સાપેક્ષતાના સિદ્ધાંત અનુસાર વિશ્વનું સ્વયંસંચાલન ચાલી રહ્યું છે. બ્લેક હૉલ સૂર્યોને ગળી રહ્યો છે ! સ્ટીફન હૉકિંગ્સના મતે બ્રહ્માંડ વિલય પામી રહ્યું છે !

'જેઓ અવિદ્યાને ઉપાસે છે, કર્મ કરવામાં તેને અપનાવી જીવનમાં વર્તે છે તેઓ ઘોર નરકમાં પ્રવેશે છે.'

જેઓ વિદ્યામાં રમખાણ રહે છે, કર્મ કરવામાં શાસ્ત્રનિહિત કર્મ કરવાની વિદ્યાને અનુસરીને વર્તે છે, તેઓ તેના કરતાં ય કદાચ વધારે તમસમાં પ્રવેશશે. (શ્લોજ–૯)

સરળ અર્થ કરીએ તો જે લોકો અવિદ્યાની ઉપાસના કરે છે, તે ઘોર અંધકારમાં પડે છે, જેઓ વિદ્યાભ્યાસ કરે છે તે તેથીય ઘોર અંધકારમાં પડે છે !

આના અર્થ મગનભાઈ દેસાઈ, નરોત્તમ પટેલ અને લોકેશ્વરાનંદે જુદાજુદા કર્યા છે. મગનભાઈ દેસાઈના મતે વિદ્યા–અવિદ્યાપૂર્વક કર્મ કરવા માત્રથી કર્મલોપ થાય એવું નથી. ત્યાગબુદ્ધિપૂર્વક આત્મજ્ઞાન મળ્યા, ન મળ્યા પર કર્મલોપ આધાર રાખે છે. આત્મહન્ લેપાય છે, આત્મવાન્ નહિ. આત્મજ્ઞાન વિનાનું કર્મ બંધનકારક છે. માટે આત્માને જાણવો જોઈએ કે તે કેવું તત્ત્વ છે.

નરોત્તમભાઈના મતે અવિદ્યા એટલે વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્રો, પદાર્થ, રસાયણ વગેરે જ્યારે વિદ્યા એટલે આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન ! વિદ્યાના સાચા ઉપાસક સંયમી, સાદું અપરિગ્રહી જીવન જીવતા હોય અને આત્મચિંતનમાં રહેતા ઉપાસક સંયમી, સાદુ, અપરિગ્રહી જીવન જીવતા હોય અને આત્મચિંતનમાં રહેતા હોય તેઓને આત્મદર્શન થઈ શકે !

લોકશ્વરાનંદના મતે યજ્ઞો કરનારા અવિદ્યાનું સેવન કરે છે. તે અંધકારમાં પડે છે, પરંતુ દેવ–દેવીની ઉપાસનામાં રહેનારા પણ અંધકારમાં પડે છે. ત્યાગ કરનાર જ પ્રકાશ પામે છે.

વિનોબા વળી જુદો જ અર્થ કરે છે. જેઓ ન જાણવામાં ગરકાવ થયા છે તે ઊંડા અંધકારમાં પેઠા. જે જાણવામાં ગયા તેથી વધારે ઊંડા અંધકારમાં પડે છે. અવિદ્યા એટલે અનધિકૃત અનંત જ્ઞાનો ન મેળવવા. વિદ્યા એટલે અધિકૃત વિશિષ્ટ જ્ઞાનો મેળવવાં.

આમ એક જ શ્લોકના વિવિધ અર્થ મળે છે. વાસ્તવમાં ઋષિ અવિદ્યા કહે છે તે વિજ્ઞાન છે. વિજ્ઞાન જાણે તે પ્રકાશમાં આવે છે. વિદ્યા એટલે આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન. મિથ્યા વિદ્યામાં પડયો રહે છે તે ખરેખર તો અંધકારમાં જીવે છે, પરંતુ ઋષિ બંનેને કેમ અંધકારના ખાડામાં નાંખે છે, તે તો ઋષિ જાણે !

'તે વિદ્યાથી જુદું છે, તે અવિદ્યાથી જુદું છે. જાણકાર ધીર પુરુષો (વરિષ્ઠ ઋષિઓ) પાસેથી એવું સાંભળ્યું છે.' (શ્લોક ૧૦)

'જે મનુષ્ય વિદ્યા–અવિદ્યા બંનેની સાથે આત્માને જાણે છે, તે અવિદ્યા વડે મૃત્યુને તરી જઈ વિદ્યા વડે અમૃત ભોગવે છે.' (શ્લોક–૧૧)

મગનભાઈના મતે વિદ્યા–અવિદ્યા બંનેથી ચાલતું આ જગત છે. તેમાંના કોઈપણ ફંદામાં ફસાયા વગર ત્યાગપૂર્વક જીવન માણવાની કળા કેળવવી એ પૂર્ણ જીવનનો આદેશ ઉપનિષદકારના મતે છે.

તો નરોત્તમ પટેલના મતે, આત્મજ્ઞાન વિદ્યા–અવિદ્યાથી જુદું, વિદ્યા–અવિદ્યા બંનેને જાણી આત્માને જાણે તે અવિદ્યા વડે મૃત્યુને તરી જઈ વિદ્યા વડે અમરત્વ મેળવે છે. તેમના મતે અવિદ્યા ભૌતિકશાસ્ત્રો અને વિદ્યા એટલે આધિ ભૌતિકશાસ્ત્ર (Meta Physics), અધ્યાત્મનું જ્ઞાન. તેના દ્વારા જ મૃત્યુથી મુક્તિ–મોક્ષ મળે છે.

લોકેશ્વરાનંદ કહે છે, વિદ્યા એટલે દેવ–દેવીની ઉપાસના, યજ્ઞોનું અનુષ્ઠાન. જ્યારે અવિદ્યા એટલે આત્મજ્ઞાન.

વિનોબાના અનુવાદ મુજબ આત્મતત્ત્વ, જાણવાપણાથી (વિદ્યા)થી જુદું છે અને ન જાણવાપણાથી (અવિદ્યા) પણ જુદું છે. જાણવું (વિદ્યા) અને ન જાણવું (અવિદ્યા) બંનેની સાથે આત્મતત્ત્વને ઓળખે છે. તે તેના આધારે અવિદ્યાથી મૃત્યુને તરે છે. અને વિદ્યા થકી અમૃત પામે છે.

તો ગીતા પ્રેસની આવૃત્તિમાં વર્ણાશ્રમાનુસાર કર્મ કરવા જણાવાયું છે. આમાં વર્ણાશ્રમ ક્યાંથી આવ્યો ?

દરેક આલોચકે ભિન્ન અર્થ કહ્યા છે. ટૂંકમાં વિદ્યા અને અવિદ્યા કરતાં આત્મજ્ઞાન ઊંચું છે, એમ ઋષિનું કહેવું છે.

પણ આત્મજ્ઞાન એટલે શું ? આત્મા–પરમાત્માનો સંબંધ જાણવો, એમાંય આત્મા, પરમાત્મા એક છે અને નથી પણ. દ્વૈત, અદ્વૈત, અદ્વૈતાદ્વૈત... એમ આચાર્યોમાં અનંત મતભેદ છે. વાસ્તવમાં આ ભ્રામક જ્ઞાન છે.

'જેઓ અસંભૂતિને ઉપાસે છે તેઓ ઘોર તમસમાં પ્રવેશે છે. જેઓ સંભૂતિમાં રમમાણ કરે છે તેઓ વિશેષ ઊંડા અંધકારમાં પ્રવેશશે !' (શ્લોક–૧૨)

'તે (આત્મતત્ત્વ) સંભવ કે સંભૂતિથી જુદું જ છે. તેમ અસંભવ કે અસંભૂતિથી જુદું છે.

'તેના જાણકાર વરિષ્ઠ ઋષિઓ પાસેથી અમે સાંભળેલું છે.' (શ્લોક–૧૩)

જે મનુષ્ય સંભૂતિ અને અસંભૂતિ બંને સાથે આત્માને જાણે છે તે મનુષ્ય અસંભૂતિ વડે મૃત્યુ તરી જઈ સંભૂતિ વડે અમરત્વ પામે છે.

અહીં વિદ્યા–અવિદ્યાની જેમ સંભૂતિ–અસંભૂતિ અર્થાત્ વિકાસ અને વિનાશ શબ્દો પ્રયોજ્યા છે. ઋષિનું કહેવું એક જ છે કે આત્મવિદ્યા ઊંચેરી છે અને તેનાથી જ મોક્ષ મળે છે.

યહૂદી ધર્મોમાં સ્વર્ગ અને નરક બે જ છે. પુણ્યશાળી સ્વર્ગ મેળવે, પાપી નરક મેળવે. ઈસ્લામ મુજબ કયામતના દિવસે બધા એકસાથે જયાં ત્યાં જશે. જ્યારે વેદાંતમાં સ્વર્ગ–નરક ઉપરાંત મોક્ષની કલ્પના છે. સ્વર્ગ–નરકમાંથી કર્મોનો ક્ષય થતાં પાછું આવવું પડે. પુનર્જન્મ લેવો પડે. જ્યારે મોક્ષ મળે તો ફરી અવતરવું ન પડે ! આ બધી કવિ–કલ્પનાઓ છે.

જો ઈશ્વર હોય તો તે સાચુ કેમ કહેતો નથી ? કૃષ્ણ કંઈ કહે છે, અલ્લાહ કંઈ કહે છે, એમ કેમ ? આ બધી ઋષિઓની કપોળકલ્પિત વાતો છે. બીજું કશું નથી. મૃત્યુ અંત છે. ન તો ઈશ્વર છે, ન સ્વર્ગ છે, ન નરક છે, ન મોક્ષ છે. ન અશરીરી આત્મા છે. જો અશરીરી આત્મા અધ્યાત્મવાદીઓ સ્વીકારતા હોય તો ભૂતપ્રેતની કલ્પનાને અંધશ્રદ્ધા કેમ કહે છે એ લોકો ?

'સત્યનું મુખ સુવર્ણપાત્રથી ઢંકાયેલું છે. હે પૂષનદેવ, તેને તું ખસેડી લે. જેથી તને સત્ય સાંપડે.' (શ્લોક–૧૫)

'હે પૂષન દેવ, સર્વજ્ઞ ઋષિ, જગતનિયતા યમ દેવ, સૂર્ય, પ્રાજપતિપુત્ર, તારી કૃપાએ સંભવિત આ સૃષ્ટિને સંકેલી લે, જેથી હું તારું તેજ, તારું કલ્યાણમય સ્વરૂપ જોઉં, પેલો જે તે પેલો પુરુષ તે હું છું.' (શ્લોક–૧૬)

શ્લોક–૧૫ વિખ્યાત છે, ખરેખર મનુષ્ય માટે યુનિવર્સનું સત્ય અજ્ઞાનથી ઢંકાયેલું છે. વિજ્ઞાન જ તે ઢાંકણું ખોલી શકે અને ખોલતું રહે છે. બ્રહ્મ વિસ્ફોટથી યુનિવર્સ રચાયું

તે વિસ્તરે છે અને એકદા બ્લેક હોલ યુનિવર્સને ખત્મ કરશે એવી શોધ પણ વિજ્ઞાને કરી છે જ. ભારતના વેદાંતીઓ, અધ્યાત્મવાદીઓને ક્યાં માનવું છે ? ક્યાં સત્ય જોવું છે ? તેઓ તો ઈશ્વરે આ વિશ્વ સર્જ્યું, તે સંચાલન કરે છે, અને વિનાશ કરશે તેમ માને છે અને આ માટે બ્રહ્મા, વિષ્ણુ, શિવની કલ્પના પણ તેઓ કરે છે.

આ પૂષન દેવ હવે રહ્યો નથી. સૂર્ય પણ દેવ રહ્યો નથી. પૌરાણિક દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ મુખ્ય થઈ ગયા છે. ઋષિ પૃથ્વીના વિનાશ પછી નિર્ભેળ ઈશ્વરને જોવા ઈચ્છે છે, પરંતુ સૃષ્ટિના વિનાશ પછી તેઓ કેવી રીતે રહી શકે ?

વળી ઈશ્વર પૂર્ણ પુરુષ (આત્મા) અને જીવ તે હું છું. જો આપણે જ ઈશ્વર હોઈએ તો ઈશ્વરની પૂજાની શી જરૂર ?

નરોત્તમ પટેલ સુવર્ણની મોહમાયા છોડવાથી સત્યનું દર્શન થાય તેમ માને છે. 'અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.' તે યોગ્ય છે, પરંતુ અસત્યમાંથી સત્ય તરફ તો વિજ્ઞાન જ લઈ જઈ શકે., પ્રભુ નહિ. લોકેશ્વરાનંદના મતે બ્રહ્મ સત્ય પામવામાં સૂર્યનો ગોળો (હિરણ્યપાત્ર) જ અવરોધક છે. સૂર્યની પાર આપણે જોઈ શકતા નથી. હવે જો તેમનો ઈશ્વર સૂર્ય ખસેડી લે તો તો પૃથ્વી પરની જીવસૃષ્ટિનો નાશ જ થઈ જાય. આ કેવી પ્રાર્થના ! તો વળી શ્લોક–૧૬ની સમજૂતી આપતા સૂર્ય પોષક છે, બ્રહ્મનું પ્રતીક છે. તે જ સૂર્યના કિરણો પાછા ખેંચી લેવા કહેવું તે વદતોવ્યાઘાત જ કહેવાય. સૂર્યનો અધિષ્ઠાતા પુરુષ તે હું જ છું એમ કહીએ તો સૂર્યની પૂજા શા માટે ? ઈસ્લામમાં પણ સૂર્યપૂજા ન કરવા, એના સર્જક અલ્લાહની ઈબાદત કરવા કહેવાયું છે.

વિનોબા હિરણ્યપાત્રનો અર્થ વિત્તમોહ–ધનલોભ કરે છે. તે જતો કરીએ તો સત્ય પમાય ! ફાઈવસ્ટાર આશ્રમો ચલાવતા બાવાઓ કેમ ધનલોભ જતો કરી સત્યદર્શન કરતા નથી ? વિનોબા ધનહીન હતા, તો શું તેમને સત્યદર્શન થયું ? ક્યાંય સ્પષ્ટ કહ્યું છે કે હા, મેં ભગવાનને જોયો ? શ્લોક–૧૬ ની ટીપ્પણીમાં તેઓ લખે છે કે સૂર્ય ઈશ્વરનું પ્રતીક છે. જે અંતર્યામી સૂર્યનો પ્રેરક છે, તે જ બુદ્ધિનો પ્રેરક છે. સૂર્ય અને બુદ્ધિ બંને તેના ઢાંકણ જાણવા. આમાં કંઈ સમજાય છે ? ન સમજાવી શકાય તેવી બાબતને કેવી રીતે સમજાવી શકાય ?

'વાયુ અમર અનિલ કે પ્રાણ છે અને શરીર છેવટે ખાખમાં મળનાર નાશવંત છે. તેથી હે ક્રતુ, કર્મજીવી મનુષ્ય, કરણીને યાદ કર.' (શ્લોક–૧૭)

મગનભાઈ કરતા વિનોબા જુદો અનુવાદ કરે છે. આ પ્રાણ પેલા ચૈતન્યમય અમૃત તત્ત્વમાં વિલીન થાઓ. પછી શરીરની રાખ થાઓ. ઈશ્વરનું નામ લઈ હે દ્રઢ સંકલ્પમય જીવ, તેનું કરેલું યાદ કર.

લોકેશ્વરાનંદ વળી જુદું રૂપાંતર કરે છે. હવે જયારે મૃત્યુ આવી રહ્યું છે ત્યારે પ્રાર્થના કરું કે મારી જીવનશકિત સમષ્ટિમાં ભળી જાઓ. આ સ્થૂળ શરીર અગ્નિ સમર્પિત થાઓ. જીવન દરમિયાન કરેલા કૃત્યો યાદ કરી લે.

નરોત્તમ પટેલે સરળ અર્થ આપ્યો છે. વાયુ અમર છે, શરીર છેવટે ભસ્મ થનારું, નાશવંત છે. હે ક્રતુ (કર્મ કરનાર), તારા કર્મોને યાદ કર.

આમ ભાસ્યકારો, પોતાને સમજાય તેવા અર્થો તારવે છે. શ્લોકનું તાત્પર્ય એ છે કે શરીર નાશવંત છે, આત્મા અમર છે. સારાં–નરસા કાર્યો મૃત્યુ વખતે યાદ કરો (કેમ કે તેના આધારે સ્વર્ગ–નરક મળશે). વિજ્ઞાન મુજબ તો શરીરની સાથે આત્મા–ચેતના નાશ પામે છે. દેહ વગર ચેતના હોઈ શકે નહિ.

‘હે અગ્નિદેવ, અમને સન્માર્ગે વાળી સુખ સંભૂતિ તરફ લઈ જા, તું સૌના કર્મોની ગતિ–રીતિ જાણે છે. અમારાથી થયેલા પાપ દૂર કર, તને નમન.’ (શ્લોક–૧૮)

આ વેદની ઋચા જેવો શ્લોક છે. અગ્નિની સ્તુતિ છે. સન્માર્ગે સુખ–સમૃદ્ધિ (સંભૂતિ) તરફ લઈ જા. અમારાં કાળાં કર્મ–પાપ દૂર કર. અમે તને વંદીએ છીએ. વિનોબા પાપને આપણી પાસેથી ભગાડી દેવાની વાત કરે છે.

પહેલાં પાપ કરો, પછી પ્રભુને પ્રાર્થના કરો. પાપ માફ કરાવો. આ ખ્યાલ ખ્રિસ્તી ધર્મમાં વ્યાપક છે. બુદ્ધ–મહાવીરે પણ પાપીઓને માફ કરવા ક્ષમા વીરસ્ય ભૂષણમ્  કહ્યું છે. સનાતન ધર્મમાં તો ગંગાસ્નાનનો સરળ રસ્તો છે. બુદ્ધ તો સન્માર્ગે ચાલવાની જ શીખ દે છે. પાપીઓને સુધરવા કહે છે. પરંતુ ઈશ્વર પ્રાર્થના કરવાનું કહેતા નથી. ઈસ્લામમાં અલ્લાહ પુણ્યશાળીઓ માટે ઉદાર છે પરંતુ પાપીઓ માટે ક્રૂર છે. ત્યાં માફીની જોગવાઈ નથી. જહન્નુમમાં  જવું જ પડે.

વિવિધ ધર્મોએ આત્મા–પરમાત્મા, પાપ–પુણ્ય, સ્વર્ગ–નરક–મોક્ષના પુલાવી વિવિધ ખયાલો આપ્યા છે, એમાંના એકેય વૈજ્ઞાનિક સત્ય નથી.

વિવેકાનંદ, અરવિંદ, ગાંધીજી, વિનોબા, રાજગોપાલાચારી જેવા બુદ્ધિવંત પુરુષો આવી ઉટાંગપટાંગ વાતોને કેવી રીતે સમર્થન આપતા હશે, તેનું આશ્ચર્ય થાય. આ લોકો જો આધ્યાત્મિકતાના રવાડે ન ચડયા હોત તો ભારતને મહાન વૈજ્ઞાનિકો મળ્યા હોત. અન્ય આચાર્યો, પ.પૂ.ધ.ધૂ. શ્રીશ્રીઓ, સદ્‌ગુરુઓનો તો વેદાંત ધર્મ નથી, ધંધો છે.

# ઈ .વી. રામાસામી પેરિયાર – વ્યક્તિત્વ, સંઘર્ષ અને વિચારો

–સુગીત પાઠકજી

(સુરતની 'નવસર્જન અને ઝેવિયર્સ સેવ ફોર હ્યુમન ડેવલપમેન્ટ' સાથે રહીને સત્યશોધક સભાએ 'રમણભાઈ પાઠક અને પેરિયાર' પર સેમિનાર યોજેલો. આ સેમિનારમાં વ્યક્ત થયેલ વિવિધ વિચારોના ભાથાને 'સત્યાન્વેષણ'માં અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે. –સૂ.)




પેરિયારનો જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૮૭૯ના રોજ તમિલનાડુના ઈરોડ શહેરમાં થયો હતો. જ્યારે તેઓ જન્મ્યા ત્યારે તેમના કુટુંબની આર્થિક હાલત સારી ન હતી. થોડા મોટા થતા એમણે મસાલાનો કારોબાર શરૂ કર્યો. તેમાંથી તેમનો પરિવાર આર્થિક રીતે સંપન્ન થયો. કિશોર અવસ્થા સુધી પેરિયાર એક ખ્યાતનામ વ્યાપારી તરીકેની નામના પામી ચૂકયા હતા.

પેરિયારના માતા–પિતા એવું ઈચ્છતા હતા કે પેરિયાર ખૂબ ભણે, પરંતુ શાળાનું વાતાવરણ વિદ્રોહી પેરિયારને માફક આવ્યું નહીં. તે સમયના સામાજિક વાતાવરણમાં શાળામાં શુદ્ર હોવાના કારણે તેમને પાણી મળતું નહીં તેથી તેમણે પાણી પીવા શિક્ષકના ઘરે જવુ પડતું હતું. ત્યાં પણ તેમને અપમાનજનક રીતે પાણી મળતું. તે પાણી પણ તેઓ ગ્લાસને મોંઢે લગાડીને નહોતા પી શકતા. દૂરથી એક છોકરી પાણી લઈને આવતી, અને તે પાણી ભરેલો ગ્લાસ નીચે મુકતી. ત્યાંથી પેરિયારે તે ગ્લાસ ઉઠાવવાનો, અને ઉંચેથી પાણી પીવાનું. હિંદુ ધર્મમાં વર્ણવ્યવસ્થાની જેમ છુઆ–છૂતના પણ નિયમો હતા. (કેટલેક સ્થળે આજે પણ છે) જેમ કે કોને મળવાનું, કોને હાથ મિલાવવાના, કોની જોડે કેટલી દૂરથી વાત કરવાની. આ બધા નિયમો પેરીયારને ઘરે શીખવાડવામાં આવતા હતા.

પેરિયારને આ પ્રકારના નિયમોની ભેદભાવ ભરેલી નીતિઓ સામે બાળપણથી જ વાંધો હતો. તેઓએ ઘરમાંથી જ તેનો વિરોધ શરૂ કર્યો. એકવાર ગુસ્સે ભરાયેલા તેના પિતાએ તેના પગ લાકડી વડે બાંધી દીધા, અને તેમને કડક સજા આપી. પરંતુ પેરિયારનું મનોબળ એટલું મજબૂત કે તેઓએ પિતાની માફી નહીં જ માંગી. છેવટે તેમના પિતાએ એમને છોડવા પડયા. ૧૨ વર્ષ પછી તેમને શાળામાંથી પણ કાઢી મૂકવામાં આવ્યા. પેરિયારે તેના (કુદી અરાસુ – ૧૯ જાન્યુઆરી–૧૯૪૫) લેખમાં તેમના નાનપણ અને પરિવાર માટે લખ્યું છે કે 'તેમનો જન્મ એક અત્યંત રૂઢિવાદી કુટુંબમાં થયો હતો. તેમણે મંદિરમાં દાન, ગરીબો માટે ભોજન સહિતના લોક કલ્યાણનાં અનેક કામો કર્યા. આટઆટલા કામો કર્યા પછી પણ લોકો એમને વિદ્રોહી અને ક્રાંતિકારી પણ કહેતા હતા. તેમનું મૂળભૂત કારણ તેમણે એ શોધ્યું કે તેઓ એવા સમાજમાંથી આવ્યા હતા કે તેને સતત અપમાનિત કરવામાં આવતા હતા. એનું અવમૂલ્યન કરવામાં આવતું હતું. જ્યાં સુધી તેઓ હિંદુ ધર્મની પરંપરા, વેદો, પુરાણો પર વિશ્વાસ કરતા રહેશે ત્યાં સુધી તેમને 'નીચા' ગણવામાં આવશે, અને તેઓ સતત ગૈરબરાબરીનો શિકાર થતા રહેશે.

સ્કૂલ છોડી તેઓ ધંધામાં લાગ્યા, ત્યાં તેઓ કુશળ સાબિત થયા. પેરિયારના પિતાને હાશકારો થયો કે, 'બાળક ભણ્યું નહીં, પરંતુ સરસ રીતે કારોબાર ચલાવે છે. હવે દીકરો લાઈન પર આવી ગયો' પરંતુ પેરિયારને તો વિદ્રોહની, સામાજિક કુરીતિઓ સામે સંઘર્ષ કરવાની અદમ્ય ઈચ્છા હતી.

પેરિયારને જુદા જુદા કર્મકાંડીઓ, બ્રાહ્મણો અને ધાર્મિક માન્યતાવાળા લોકોને તર્કસંગત સવાલો પૂછવાના ગમતા હતા. તેમનો ઉપહાસ કરવામાં તેમને મજા આવતી હતી. તેઓ કઈ રીતે તેમના ધર્મના પાયાવિહોણો બચાવ કરતા હતા તે જોતા. આ દિવસો પેરિયારના વ્યક્તિત્વ નિર્માણના દિવસો હતા. પેરિયારનું વ્યક્તિત્વ બે બાજુએ ખીલી રહ્યું હતું. એક તો તેમના ધંધામાં અને બીજું સામાજિક રૂઢિઓ અને બ્રાહ્મણવાદની સામે તેઓ સંઘર્ષ કરવા માટે માનસિક રૂપે તૈયાર થઈ રહ્યા હતા. ત્યાર પછી પેરિયારના લગ્ન થયા. પેરિયારના પિતા ઈચ્છતા હતા કે પેરિયારના લગ્ન તેમના પરિવારની જેમ જ ધનિક કુટુંબમાં થાય, પરંતુ પેરિયારે તેને ગમતી સ્ત્રી સાથે લગ્ન કર્યા. તેમના પિતાએ એમની વાત માનવી પડી.

(ચાલુ ટા. નં.–૩ ઉપર)

(ચાલુ પાના નં.-૨૪ નું)

૧૯૦૪ના વર્ષમાં પેરિયાર ૨૫ વર્ષના થયા હતા. એ સમયે બ્રાહ્મણો માટે કાશી યાત્રાની ખૂબ અગત્યતા હતી. તેઓ તેમના બે મિત્ર સાથે કાશી યાત્રા પર ગયા હતા. તેમના પિતાને લાગ્યું કે, 'સારું છે કે પેરિયારમાં ધાર્મિક અભિગમ પેદા થયો,' પરંતુ કાશી જવા પાછળ પેરિયારનો હેતુ આ પ્રકારની અન્યાયી સામાજિક વ્યવસ્થાને વધુ ઊંડાણથી સમજવાનો હતો. ત્યાં તેમણે જે સમાજનો જાતિવાદી ચહેરો જોયો તેણે પેરિયારની આંખો ખોલી કાઢી.

પેરિયાર ઘરેથી જે પૈસા લઈને ગયા હતા તે કાશી પહોંચતા સુધીમાં પૂરા થઈ ગયા. હવે એમના જે બ્રાહ્મણ મિત્રો હતા તેઓ તો કાશી પહોંચતાની સાથે જ પેરિયારથી અલગ થવા લાગ્યા. કાશીમાં બ્રાહ્મણો માટે તો અલગથી મોટાં મોટાં ભોજનાલયો ચાલતાં હતાં. તે ભોજનાલયોમાં બ્રાહ્મણ પુત્રો તો જમી લે, પરંતુ પેરિયારથી તે ભોજનાલયોમાં જવાય જ નહીં. જો પેરિયાર ત્યાં જાય તો ધર્મ જોખમમાં મૂકાય ! પેરિયારને ત્યાંથી ધક્કા મારીને બહાર કાઢવામાં આવ્યા. પછી પેરિયારે એક ગેરબ્રાહ્મણ વ્યાપારીના ચંદાથી બનેલું ભોજનાલય શોધ્યું. ત્યાં ભંડારામાં તેઓ જમતા.

કાશીમાં પેરિયારે બ્રાહ્મણવાદી વ્યવસ્થાનું નગ્ન સત્ય જોયું. તેમણે જોયું કે ધર્મસ્થળોમાં પૂજાની મૂર્તિ શૂદ્રો બનાવે છે, પરંતુ તે મૂર્તિ મંદિરો સુધી પહોંચ્યા બાદ તે મૂર્તિઓને અડકવાનો તેમનો અધિકાર નથી રહેતો. તેમણે કહ્યું કે જે ભોજનાલયો એક ઉદાર દ્રાવિડના ચંદાથી ચાલે છે, તે ભોજનાલયોમાં બ્રાહ્મણો બીજા દ્રાવિડને જવાથી કઈ રીતે રોકી શકે ? કહેવાતા હિંદુ ધર્મમાં આટલી બધી અસમાનતા, આટલી બધી કઠોરતા, આટલું બધું નિર્દયીપણું કે અન્ય જાતિના વ્યક્તિને ભૂખમરા તરફ ધકેલે !

સત્યની શોધમાં ઘણા લોકોએ ઘર છોડયા પછી તેમણે ધર્મની કુરીતિ દૂર કરી નવો ધર્મ સ્થાપ્યો. નવા ધર્મમાં પણ અનેક કુરીતિઓ પ્રવેશી. આમ કુરીતિઓનો સડો વધતો ગયો. તેનું મૂળ કારણ એ છે કે તેઓ ધર્મ અને કુરીતિઓને બરાબર સમજી શકયા હતા. પેરિયારે તેમના આટલા જીવન દરમિયાન જાણ્યું કે દરેક ધર્મમાં સડો છે. દરેક ધર્મ કુરીતિઓનો, અસમાનતાનો, શોષણનો રસ્તો જ અપનાવે છે. તેથી પેરિયારે નક્કી કર્યું કે તેઓ હિંદુ ધર્મનો વિરોધ જોર શોરથી કરશે, પરંતુ અન્ય કોઈ નવા ધર્મની સ્થાપના કયારેય નહીં કરે. તેમણે ધર્મની સામે તર્કબદ્ધ રીતે સવાલો ઉભા કર્યા.

(વધુ ટા. નં.-૪ ઉપર)

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

(ચાલુ ટા. નં.-૩ નું)

પેરિયાર ફરી પાછા તેમના ઘરે ગયા. ત્યાં વ્યાપારમાં લાગી ગયા. તે સમય દરમિયાન ત્યાં પ્લેગ ફાટી નીકળ્યો. અનેક લોકો મૃત્યુ પામ્યા. આ સમય દરમિયાન પેરિયાર માંદા લોકોને હોસ્પિટલ પહોંચાડવાનું કામ કરતા હતા. એ સમય દરમિયાન પેરિયારનું નવું અદ્‌ભૂત રૂપ લોકો સમક્ષ આવ્યું. પેરિયારે તે સમય દરમિયાન કહ્યું કે, 'ધર્મો બકવાસ છે. માનવતા જ સર્વોપરી છે.'

આ સમય દરમિયાન પેરિયાર મુરઘેમા, પિલ્લઈ, મલિક નાયકર તમિલ બુદ્ધિજીવીઓના સંપર્કમાં આવ્યા. જે પેરિયારના જીવન ઘડતર માટે ખૂબ જ સહાયક ઘટના હતી.

૧૯૧૮થી પેરિયારના જાહેર જીવનની શરૂઆત થઈ. તેઓ ઈરોડ નગરપાલિકાના અધ્યક્ષ બન્યા. તેઓ સ્કૂલોની કમિટીઓ, પુસ્તકાલયો, વ્યાપારિક સંગઠનો સહિતની સંસ્થાઓના માનદ્ પદ પર રહ્યા.

પેરિયારની રાજનૈતિક મહત્વાકાંક્ષાઓ શૂન્ય હતી, પરંતુ તેઓ ગાંધીજીના નેતૃત્વમાં કોંગ્રેસમાં ચલાવવામાં આવતા છુઆછૂત નિર્મૂલન, નશાબંધી જેવા કાર્યક્રમોથી આકર્ષાયા હતા. જાતિભેદ રહિત, સમાનતા આધારિત સમાજ વ્યવસ્થાના સપનાં તેમને આકર્ષિત કરવા લાગ્યા. આથી તેઓ કોંગ્રેસમાં જોડાયા. આ નિર્ણય તેમને વ્યક્તિગત રીતે ખૂબ મોંઘો પડયો. તેમણે તેમનો બધો જ ધંધો તેમના ભાઈઓને સોંપવો પડયો. તેમણે શરૂ કરેલી. નવી મિલ તેમણે બંધ કરવી પડી. તે સમયે તેમની આવક વર્ષની ૨૦,૦૦૦/– હતી. ત્યારે ૮ ગ્રામ સોનાનું મૂલ્ય ૧૦ રૂપિયા હતું, અને તમિલનાડુ સરકારે ત્યારે હિન્દીના શિક્ષણમાં ફેલાવા માટે ૨૦,૦૦૦/– નું રાજ્યનું બજેટ રાખ્યું હતું. આનાથી સમજી શકાય કે ત્યારે ૨૦,૦૦૦/–નું મૂલ્ય કેટલું બધું હતું.

૧૯૨૧માં પેરિયારે નશાબંધીના આંદોલનનું નેતૃત્વ કર્યું. તે આંદોલન સફળ થયું. ૧૯૨૨માં પેરિયાર તમિલનાડુના કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ બન્યા. અધ્યક્ષ બન્યા પછી તેમણે પાર્ટીના તિરુપુર અધિવેશનમાં ૧૯૨૨માં દરખાસ્ત મૂકી કે દરેક જાતિ વર્ગના લોકોને મંદિરમાં પ્રવેશ મળવો જોઈએ, પરંતુ કોંગ્રેસમાં જ બ્રાહ્મણ સદસ્યોએ વેદ અને શાસ્ત્રોનો હવાલો આપીને આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસનું ઘોષિત સૂત્ર હતું, છુઆછૂતની વિરુદ્ધનું પરંતુ કોંગ્રેસના જ સભ્યોનું આવું વર્તન જોઈને પેરિયારને આઘાત લાગ્યો. તેમણે ઘોષણા કરી કે 'રામાયણ', 'મનુસ્મૃતિ' જેવા ગ્રંથો દલિતો અને શુદ્રોને પોતાના અધિકારો મેળવવામાં બાધક બને છે. આ ઘોષણા પછી કોંગ્રેસમાં પેરિયારની આલોચના થવા લાગી.

(વધુ આવતા અંકે)

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ